GJPM010025362023

**–: ક્રિ.પ.અરજી નં.પપ૯/૨૦૨૩ ના કામે આંક–૧ હેઠળ હુકમ :–**

૧ અરજી તથા રેકર્ડ વંચાણે લીધું. અરજદાર તરફે વિ.વકીલશ્રી આઈ.એ.ખાતુડા તથા સરકાર તરફે વકીલશ્રી આર.એસ.ઠાકોરને સાંભળવામાં આવેલ છે. પોલીસ તપાસના કાગળો વંચાણે લીધા. ત.ક.અમલદારશ્રીની આંક ૪ ની એફીડેવીટ ધ્યાને લીધી.

૨ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા અરજદારે આ જામીન અરજી દાખલ કરીને એવી રજુઆત કરેલી છે કે, કાંકણપુર પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુ.ર. નં.૧૧૨૦૭૦૭૮૨૩૦૧૨૪/૨૦૨૩ થી ઈ.પી.કો. કલમ ૪૦૯, ૪૨૦, ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૧૪ તથા ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૨૦૧૮ ની કલમ ૧૩(૧)(એ), ૧૨ મુજબનો ગુનો નોંધાયેલ છે અને પોલીસે તા.૫/૮/૨૦૨૩ ના રોજ તેઓને અટક કરેલ છે અને કોર્ટે તા.૯/૮/૨૦૨૩ સુધી રીમાંડ આપેલા જે રીમાંડ પુર્ણ થયેલ ત્યારથી તેઓ જયુડીશીયલ કસ્ટડીમાં છે. તેઓને કહેવાતા પાંચ વર્ષ ઉપરાંતના સમય પહેલાની તપાસ કરી આ ગુનામાં ખોટી રીતે સંડોવવામાં આવેલ છે અને તેઓએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો કોઈ ગુનો કરેલ નથી અને રીમાંડ દરમ્યાન પણ તેઓ પાસેથી કોઈ રકમ મળી આવેલ નથી કે તે અંગનો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. સમગ્ર પુરાવો દસ્તાવેજી પુરાવા પર આધારીત છે અને તેઓ નોકરીયાત હોઈ તેમજ બાલ બચ્ચાવાળા છે સ્થાવર જંગમ મીલ્કત ધરાવે છે, નાસીભાગી જાય તેવા નથી તેઓનો કોઈ ગુનાહીત ઈતિહાસ નથી, કેસ ચાલતાં સમય લાગે તેમ છે અને તેઓ હાલ બિમાર છે અને સારવાર ચાલુ છે અને તેના ડાબા પગમાં ઈજા થયેલ હોય તેની સારવાર કરાવી શકે જેથી તેઓ ધ્વારા ગુનાના કામે જામીન ઉપર મુકત થવા હાલની આ અરજી કરવામાં આવેલ છે.

3 સરકારી વકીલશ્રીએ હાલની અરજી સામે સખ્ત વાંધો લઈ એવી રજુઆત કરેલ છે કે, વર્ષ ૨૦૧૬–૧૭ માં નદીસર ગામે આવેલ કીરીટસિંહના ઘરેથી તળાવ ફળીયા સુધી સીસી રોડ નું કામ કરવાાનું હતું તથા વાંટા ફળીયામાં સીસી રોડનું કામ કરવાનું હતું જે કામ સ્થળઉપર કરવામાં આવેલું જ નથી છતાં કામ પૂર્ણ થઈ ગયેલ છે તેવા ખોટા પ્રમાણપત્રો આપવામાં આવેલા છે અને મીલ્કત રજીસ્ટરમાં તે બાબતની ખોટી નોંધો કરવામાં આવેલ છે અને આ

રીતે લાખ્ખો રુપીયાનો સરકારી નાણાંનો ભ્રષ્ટાચાર કરવામાં આવેલો છે. વળી સહઆરોપી ઓએ પણ સરકારશ્રીની ગામની વિકાસલક્ષી યોજનાઓના કામોમાં લાખ્ખો રુપીયાનો ભ્રષ્ટાચાર આચરેલો છે અને જો આરોપીને મુકત કરવામાં આવે તો તપાસ હજુ શરુઆતના તબકકામાં છે તેથી પુરાવા સાથે ચેડાં થાય તેમ છે. વિ. સરકારી વ. શ્રી ઠાકોરે પોતાની દલીલોના સર્મથનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના મયુરકુમાર નરસીંગભાઈ ડામોર વિ. સ્ટેટ ઓફ ગુજરાત 2021 XJ (GUJ) 579 ઉપરના ચુકાદા ઉપર આધાર રાખેલો છે.

૪ કાગળો જોતાં ફલીત થાય છે કે, નદીસર ગામે આવેલ કીરીટસિંહ ભગવાનસિંહ ઠાકોર રહે. પોલીસ પટેલ ફળિયુંના ઘર પાસેથી શરુ થઈ તળાવ ફળીયા સુધી સીસી રોડ બનાવવા નો હતો, તે રોડ આજદિન સુધી બનાવવામાં આવેલો નથી. તેવી જ રીતે પ્રવિણભાઈ રંગીતભાઈ બારીયા કે જેઓ વાંટા ફળીયામાં રહે છે તેમના ઘર પાસેથી પેવર બ્લોક બેસાડેલો રસ્તો છે તેની જગ્યાએ સીસી રોડ બનાવવાનો હતો પરંતુ આજદિન સુધી આવો કોઈ રોડ બનેલોજ નથી. સરકારશ્રીની વિકાસના કામો માટે ગ્રાન્ટ આવતી હોય છે અને તે ગ્રાન્ટની રકમ વાપરવાની સત્તા જે તે ગ્રામ પંચાયતને છે. ગ્રામ પંચાયત રોડ બનાવવા માટે અગર તો પેવર બ્લોક નાંખવા માટે અગર તો પાણીના નિકાલના નાળા બનાવવા માટે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના આ નાણાંનો ઉપયોગ કરે છે, અને આ બાબતમાં ગ્રામ પંચાયત ટેન્ડરીંગની પ્રક્રિયા કરે છે અથવા તો જાતે પોતે સરપંચ અને તલાટી તે નાણાં ધ્વારા લોકો મારફતે કામ કરાવીને કામ પૂર્ણ કરે છે. આ કીસ્સામાં હાલના અરજદાર કે જેઓ તલાટી છે તેઓએ તથા સરપંચે બંનેએ સીસી રોડ બની ગયેલા છે તેવા ખોટા દસ્તાવેજો ઉભા કરેલા છે, અને તે દસ્તાવેજોમાં તેઓની સહીઓ પણ છે, તથા તેઓની સહીઓ નીચે પોતાના હોદ્દાના સીકકાઓ પણ કરેલા છે. આ રકમ તેઓના બેન્ક ખાતામાં જમા થયેલી છે અને તપાસ કરનાર અમલદારે તપાસના કામે બેન્કના ઉતારા કબજે કરેલ છે જે નાણાં તલાટી તથા સરપંચે જાતે જ ઉપાડી લીધેલા છે તેમ પણ ફલીત થાય છે. જો તપાસના કામે કબજે કરેલ ત્રણ પ્રમાણપત્રો જોઈએ તો તેમાં તલાટી સરપંચના સહી સીકકાઓ છે તથા સાક્ષીઓની સહીઓ છે જે ખોટી રીતે હાલના આરોપીઓએ અન્ય આરોપીઓ સાથે મળી જઈને ખોટુ સરકારી રેકર્ડ ઉભુ કરેલ છે અને ગ્રામ પંચાયતના રેકર્ડમાં મીલ્કત રજીસ્ટરમાં ખોટી રીતે કામો થઈ ગયા બદલ ની નોંધણી

પણ થયેલી છે, અને સ્થળ ઉપર ખરાઈ કરવામાં આવેલી છે તેવી ખોટી નોંધો કરવામાં આવેલી છે. આના આધારે સરકારશ્રીના એન્જીનીયરે સ્થળ તપાસ કરવી જોઈએ તે પણ થયેલી નથી અને તેઓએ સીધેસીધું જ પેમેન્ટ એપ્રુવ કરેલું છે. તપાસ કરનાર અમલદાર ધ્વારા સ્થળ ઉપરની ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી કરવામાં આવેલી છે અને સાથે સાથે સ્થળોની વિગતો દર્શાવતા પંચનામા કરેલા છે, આ ઉપરાંત સાહેદોના જવાબો લીધેલા છે અને સાહેદોએ પણ જણાવેલ છે કે આવા કોઈ સીસી રોડ બનેલા જ નથી.

૫ આમ, અરજદાર સામે પ્રથમદર્શનીય ખુબ જ મજબુત કેસ જણાય છે. ગુનાની ગંભીરતા ઓછી આંકી શકાય તેમ નથી. જો ગુનો સાબીત થાય તો આજીવન કેદની સજાને પાત્ર ગુનો છે તથા સેસન્સ અદાલતમાં ચાલવાપાત્ર ગુનો છે. તપાસ હજી શરૂઆતના તબકકા માં છે અને બાકીના તમામ આરોપીઓને એરેસ્ટ કરવાના બાકી છે. જો અરજદારને જામીન મુકત કરવામાં આવે તો રેકર્ડમાં ચેડાં થાય તેમ છે તથા સાહેદો તોડવા ફોડવામાં આવે તેમ જણાય છે. કુલ ૪૮,૧૯,૬૬૧/– (અંકે રૂપીચા અડતાલીસ લાખ ઓગણીસ હજાર છસ્સો એકસઠ પુરા) નું કૌભાંડ છે એટલેકે સરકારી રકમની ઉચાપત થયેલી છે અને તમામ આરોપીઓ સરકારી કર્મચારીઓ તથા પદાધિકારીઓ છે. હાલના અરજદાર ભુપેન્દ્રકુમાર કાંતીલાલ બારીઆની આગોતરા જામીન અરજી કે જેનો નંબર ક્રિ.પ.અ.નં. ૨૫૦/૨૦૨૩ નો છે તે આ અદાલતે તા.૨૪/૪/૨૦૨૩ ના રોજ નામંજુર કરેલ છે એટલે કે ચાર મહીનાથી અરજદાર નાસતા ભાગતા ફરતા હતા અને તપાસના કામે તેઓએ કોઈ સાથ સહકાર આપેલો નથી. અન્ય આરોપીઓની જામીન અરજીઓ પણ આ અદાલતે સમયાંતરે રદ કરેલી છે. નામદાર ગુજરાત હાઈકોર્ટે મયુરકુમાર નરસીંગ ભાઈ ડામોર વિ. સ્ટેટ ઓફ ગુજરાત 2021 XJ (GUJ) 579 ના ચુકાદામાં પેરેગ્રાફ નં.૬ માં આવા જ પ્રકારના ગુનામાં નીચે મુજબનું ઓબ્ઝર્વેશન કરેલ છે.

"Subsequently section 13 (1)(A), 13 (2) of Prevention of Corruption Act 1988, were added by the prosecution. It appears that the complainant is the government official working with the District Pnachayat as Agriculture Officer. As per the complaint total 35,436 applications were examined and received form the different Talukas of the Dahod District through the Gram Sevak. After examination of

the above said application, only 2719 farmers were found as correct beneficiary of the scheme and 32,717 applications were found bogus. Out of them 1191 persons were paid Rs. 2000/- each which comes to Rs.23,82,000/- and they were wrongly benefited persons. However they were not entitled to claim the amount under the said scheme. As per the chargesheet filed by the investigation agency charged under sections 406, 420 and 120B of IPC as well as under section 66(d) of IT Act is levelled. Further it appears from the chargesheet papers that the applicant was working as Districrt Level Entrepreneur DLE – District Panchayat and because of his position he had wrongfully got the digital user ID, by which he directly submit an application, by passing one stage of verification at the Taluka level. As per the affidavit filed by the Investigating officer, during the course of investigation it was revealed that by miusing the 3 master digital user ID applicant had created bogus 78 user ID and the same were given to the other accused persons by which various applications were submitted, approved and ultimately those persons have successful in getting the financial gain under the scheme of PRADHANMANTRI KISAN SAMMAN NIDHI YOJNA. It appears that all such bogus ID's had been utilised and created by using the master key by the applicant. The list of bogus user ID revealed from NIC is enclosed at Annexure R1. In the chargesheet, applicant is shown as accused no. 1. Primafacie, it appears that the applicant has played master role in the entire offence, by using user ID, submitting and providing to the other accused persons from which bogus applications were processed. As per the report of In-charge Deputy Police Commissioner, Dahod dated 27-09-2021, total 17,358 persons had applied for getting any benefit of the scheme through online. However, they were not entitled to claim for getting any benefit under the scheme and 16,553 persons got amount of Rs. 2,000/- deposited in their account by way of three installments. Total amount of misappropriation comes to Rs.9,06,24,000/-. As per the report, present applicant has received an amount of Rs.7,70,000/- from the respective applicants with the connivance of other accused persons.

The bonafide shown by the present applicant by way of depositing an amount of Rs.7,70,000/- before the District and Sessions court Dahod, cannot be considered by this court. Considering the involvement of the present applicant in the serious offecne of cheating and criminal breach of trust, the basic requirement to bring home the accusations under section of 405 of the code i.e. entrustment and dishonest intention actuated by the applicant and misappropriated it or converted it to his own use to the detriment of the persons who entrusted are established. Prima facie it is proved at this stage the dishonest intentions from the very beginning of the said offence. Considering the involvement in the offence and active participation and role played by him in commission of the offence, this court is of the considered view that the prayer made by the present applicant cannot be considered."

**૬** ઉપરના સંજોગોમાં આ જામીન અરજી મંજુર કરવા માટેનું કોઈ જ વ્યાજબી કારણ આ અદાલતને જણાતું નથી. સબબ, જામીન અરજી નામંજુર કરતો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુ ક મ :-**

અરજદાર/આરોપી ભુપેન્દ્રકુમાર કાન્તિલાલ બારીયા નાઓની કાંકણપુર પોલીસ સ્ટેશન પાર્ટ-એ ગુના રજીસ્ટર નં.૧૧૨૦૭૦૭૮૨૩૦૧૨૪/૨૦૨૩ થી ઈ.પી.કો. કલમ ૪૦૯, ૪૨૦, ૪૬૫, ૪૬૮, ૪૭૧, ૧૧૪ તથા ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૨૦૧૮ ની કલમ ૧૩(૧)(એ), ૧૨ મુજબનો ગુનો નોંધાયેલ છે તે કામની આ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૯ મુજબની જામીન અરજી આથી ''**નામંજુર**'' કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ-૧૮મી માહે-ઓગષ્ટ, સને ૨૦૨૩ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૮/૦૮/૨૦૨૩
સ્થળ : ગોધરા.

**(પી.વી.શ્રીવાસ્તવ)**
સેશન્સ જજ,પંચમહાલ
મુકામ : ગોધરા
UID Code No.GJ 00372

* SST